પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૫ | ૨૬ એપ્રિલ, ૨૦૧૭, બુધવાર ; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

અખિલેશ પત્રકાર પર ભડક્યા

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ પત્રકાર પરિષદમાં પરિવાર પર પૂછાયેલા પ્રશ્ન પૂછાતા ભડક્યા હતા. શિવલાલ યાદવના નિવેદન સંદર્ભે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે મુલાયમસિંહને પુનઃ પ્રસ્થાપિત કરવા મામલે આકમક જવાબ આપતા તેઓએ જણાવ્યુ હતુ કે પરિવારની તમામ બાબતો એક દિવસ જણાવીશ પરંતુ તમે શેના માટે પૂછો છો તેની મને ખબર છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ પદ માટે પેન અને મેક્રોન વચ્ચે મુકાબલો

ફ્રાન્સના રાષ્ટ્રપતિ પદ માટે પ્રથમ ચરણમાં મેક્રોને દાવેદારી મજબૂત બનાવતા સાતમીના બીજા ચરણમાં પેન અને મેક્રોન વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે.

બ્રિટનમાં ૩૮ ભારતીયોની અટકાયત

બ્રિટનમાં લિસેસ્ટરશાયરની બે ફેક્ટરીઓમાં રેડ કરી ૩૮ ભારતીયો કામદારોને ઈમીગ્રેશન મામલે કસ્ટડીમાં લેવાયા છે. વિઝા પૂરા થયા બાદ બ્રિટનમાં ગેરકાયદે રહેતા હોવાનો આરોપ લગાવાયો છે.

આમીરખાન ૧૬ વર્ષ બાદ એવોર્ડ ફંક્શનમાં

આમીરખાનને ૭૫માં માસ્ટર દીનાનાથ એવોર્ડથી સન્માનવામાં આવ્યો છે. ૧૬ વર્ષ સુધી કોઈ એવોર્ડ ફંક્શનમાં હાજરી નહી આપનાર આમીરખાને લત્તા મંગેશકરના આમંત્રણને માન આપી મોહન ભાગવતના હસ્તે સ્વીકાર્યો હતો.

વિપ્રોના ચેરમેન પદે પુનઃ અઝીમ પ્રેમજી

વિપ્રોના ચેરમેનપદે પુનઃ પાંચ વર્ષ માટે અઝીમ પ્રેમજીની નીમણૂંક કરવામાં આવી છે. સાથોસાથ વિલિયમ આર્થરની પણ સ્વતંત્ર નિયામક તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

બનાવટી પાસપોર્ટ કેસમાં રાજનને સાત વર્ષની સજા

કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ)ની ખાસ અદાલતે આજે અન્ડરવર્લ્ડ ડોન રાજેન્દ્ર સદાવસીવ નિખલજે ઉર્ફે છોટા રાજનને બનાવટી પાસપોર્ટના મામલામાં સાત વર્ષની આકરી જેલની સજા ફટકારી હતી. આશરે ૮૫ કેસોનો સામનો કરી રહેલા છોટા રાજનને હાલમાં એક મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિ પદ માટે શિવસેના દ્વારા ભાગવતનું નામ અપાયું

શિવસેનાએ આજે કહ્યું હતું કે, સંઘ હેડક્વાર્ટર દેશમાં સત્તાના બીજા કેન્દ્ર તરીકે છે. પાર્ટી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માટે સંઘ પ્રમુખ મોહન ભાગવત ઉપરાંત અન્ય કોઈને યોગ્ય ઉમેદવાર ગણતું નથી. ભાગવતનું નામ શિવસેનાએ ફરી દોહરાવ્યું છે. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં શિવસેનાના સાથી પક્ષ ભાજપની સાથે સંબંધ તંગદિલીપૂર્ણ રહ્યા છે ત્યારે શિવસેનાએ ભાગવતને ભારતના આગામી રાષ્ટ્રપતિ બનાવવા માટેનું સૂચન પહેલા પણ કર્યું છે. જો કે, ભાગવતે આ દરખાસ્તને પહેલા પણ ફગાવી દીધી હતી. ભાગવત કહી ચુક્યા છે કે, જો તેમની પાસે દરખાસ્ત આવશે તો પણ સ્વીકાર કરશે નહીં.

જવાનોની શહીદી નિરર્થક નહિ જવા દેવાય : રાજનાથસિંહ

સુકમા હુમલો મામલે નક્સલીઓને સામે રાજનાથસિંહ લાલઘૂમ : નક્સલીઓની હરકતને કઠોર શબ્દોમાં વખોડી

હુમલાને કોલ્ડ બ્લડેડ મર્ડર તરીકે ગણાવીને કાર્યવાહીની ચેતવણી આપી : નક્સલી સમસ્યા પડકારરૂપ



નવી દિલ્હી,તા. ૨૫

છત્તીસગઢના સુકમામાં થયેલા નક્સલવાદી હુમલામાં સીઆરપીએફના ૨૬ જવાનોના મોત બાદ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે તીખી પ્રતિક્રિયા આપી છે. જવાનો ઉપર કરવામાં આવેલા આ હુમલાને કોલ્ડ બ્લડેડે મર્ડર તરીકે ગણાવીને વિશ્વાસ અપાવતા કહ્યું છે કે, તેમની શહીદી બેકાર જશે નહીં. નક્સલીઓની આ હરકતને કઠોર શબ્દોમાં વખોડી કાઢતા રાજનાથસિંહ લાલઘૂમ દેખાયા હતા. રાજનાથસિંહે કહ્યું હતું કે, નક્સલીઓની સમસ્યાને તેઓ એક પડકાર તરીકે સ્વીકારી રહ્યા છે. જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચેલા રાજનાથસિંહે અહીં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી જેમાં મુખ્યમંત્રી રમનસિંહ ઉપરાંત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ રાજનાથસિંહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, નક્સલવાદીઓએ આદિવાસીઓને છત્ર બનાવીને હુમલો કર્યો છે. નક્સલવાદીઓ સામે હજુ સુધી જે કાર્યવાહી કરવામાં આવી છે જેના કારણે તેમનામાં ખળભળાટ મચેલો છે. આજકારણસર આ હુમલો કરવામાં આવ્યો છે. રાજનાથસિંહે કહ્યું હતું કે લેફ્ટ વિંગ નક્સલવાદની

● અનુસંધાન પાન-૭ પર

માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞાને અંતે જામીન

સાધ્વીને પાસપોર્ટ જમા કરવા માટે આદેશ : ચકચારી કેસમાં અન્ય મુખ્ય આરોપી લેફ્ટી કર્નલ પ્રસાદ પુરોહિતને જામીન આપવા માટે મુંબઈ હાઈકોર્ટનો ઇન્કાર

મુંબઈ,તા. ૨૫

મુંબઈ હાઈકોર્ટે વર્ષ ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસના મામલામાં આરોપી સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકોરને આખરે જામીન આજે આપી દીધા હતા. સાધ્વીને શરતી જામીન આપવામાં આવ્યા છે. તેમને પાસપોર્ટ જમા કરવા માટે આદેશ પણ આપવામાં આવ્યા છે. આ કેસમાં અન્ય મુખ્ય આરોપી લેફ્ટી. કર્નલ પ્રસાદ પુરોહિતને જામીન આપવામાં આવ્યા નથી. સાધ્વી પ્રજ્ઞા ઠાકુરને પાંચ લાખ રૂપિયાની બાંહેધરીના આધાર ઉપર જામીન આપવામાં આવ્યા હતા. માર્ચ મહિનામાં હાઈકોર્ટે પુરોહિત દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી ઉપર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા તપાસ કરવામાં આવેલા આતંકવાદના કેસોમાં સુનાવણી કરનાર ખાસ અદાલતે તેમની જામીન અરજી ફગાવી દીધા બાદ આ બંનેએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. આ વર્ષે એનઆઈએ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં જણાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

એમસીડીમાં ભારે ઉત્તેજના વચ્ચે મતગણતરી

કોણ બાજી મારશે તે અંગે આજે ફેંસલો : એક્ઝિટ પોલ મુજબ ભાજપ શાનદાર જીત મેળવી શકે છે : મતગણતરીને લઇને તમામ તૈયારી પૂર્ણ કરાઇ છે : કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની પ્રતિષ્ઠા પણ દાવ ઉપર

દિલ્હી,તા. ૨૫

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી છે તે દિલ્હીમાં એમસીડીની ચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. રાજકીય પક્ષોમાં ઉત્તેજના વધી ગઇ છે. દિલ્હીમાં મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ માટે આ એમસીડી ચૂંટણીને પ્રતિષ્ઠિત ગણવામાં આવે છે. કેજરીવાલની લોકપ્રિયતાની પણ કસોટી આના કારણે થનાર છે. મોટા ભાગના એક્ઝિટ પોલના તારણ ભાજપને શાનદાર જીત આપી રહ્યા છે. છતાં કોંગ્રેસ પાર્ટી અને એએપી દ્વારા ચૂંટણી પરિણામ પર નજર રાખવામાં આવી રહી છે. એમસીડીની ચૂંટણી માટે ૨ ઉમી એપ્રિલના દિવસે સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાયું હતું. ઉત્તર, દક્ષિણ અને પૂર્વીય મ્યુનિસિપલને આવરી લેતી ૨૭૨ બેઠકો માટે મતદાન યોજાયું હતું. દિલ્હીમાં ૫૪ ટકા મતદાન થયું હતુ. જેના કારણે રાજકીય પક્ષોમાં ઉત્સુકતા વધીગઇ હતી. મતદાનની પ્રક્રિયા ૨ ઉમી એપ્રિલના દિવસે સાંજ ૫-૩૦ વાગ્યે પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ જુદી જુદી ટીવી ચેનલોના એક્ઝિટ પોલના તારણો મતદાન બાદ જારી કરવામાં આવ્યા હતા. જેમાં ભાજપને પ્રચંડ બહુમતિ આપવામાં આવી હતી. આજતક, ઇન્ડિયા ટુડે ટીવીમાં ભાજપને જીત આપવામાં આવી હતી. એક્ઝિટ પોલના પરિણામ કેટલાક સાંચા સાબિત થાય છે તે બાબત આવતીકાલે જાહેર થઇ જશે. ઇન્ડિયા ટુડેમાં આગાહી કરવામાં આવી હતી કે ઉત્તર અને દક્ષિણ કોર્પોરેશનમાં ભાજપને ૮૦ બેઠકો મળશે. જ્યારે પૂર્વ કોર્પોરેશનમાં ૫૦ બેઠકો મળશે. ત્રણેય જગ્યાએ એએપી ખુબ પાછળ રહી જશે. એબીપી ન્યુઝમાં જણાવવામાં આવ્યું હતુ કે ત્રણેય જગ્યાએ ભાજપ પ્રચંડ જીત મેળવશે. વર્ષ ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં એએપીએ

● અનુસંધાન પાન-૭ પર

આનંદીબેન પટેલને રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનાવવા સુબ્રમણ્યમ સ્વામીની માંગણી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી

શ્રીમતી આનંદીબેન પટેલને રાષ્ટ્રપતિ

પદ માટે ઉમેદવાર બનાવવા જોઈએ તેવી માંગણી ભાજપના સીનીયર સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ટવીટ કરીને કરતાં હલચલ મચી ગઈ છે.

ભારતના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી આગામી મહિનામાં યોજાનાર છે ત્યારે રાષ્ટ્રપતિ પદ માટે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને રાષ્ટ્રપતિ બનાવવા જોઈએ તેવી માંગણી સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વીટ કરીને કરી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ કરેલી આ માંગણી અંગે શ્રીમતી આનંદીબેન પટેલનો કેટલાક પત્રકારોએ સંપર્ક સાધતા કોઈ પણ પ્રક્રિયા આપવાનો ઈન્કાર કર્યો હતો.

કેન્દ્રીય શીપીંગ મંત્રી મનસુખ માંડવીયાએ પણ આ અંગે પ્રક્રિયા આપવાનો ઈન્કાર કર્યો હતો.

બસ્તરમાં આર્મી કેમ્પ સ્થાપિત કરવા માટે સક્રિય વિચારણા

આર્મી કેમ્પ સ્થાપિત કરાયા બાદ જ નક્સલવાદીઓનો ઇલાજ થશે : સીઆરપીએફના જવાનોના કાફલા ઉપર છુપો હુમલો કરવામાં આવ્યા બાદ સરકાર હચમચી : નક્સલવાદી પર અંકુશ મુકવા નવી વ્યૂહરચના પર ચર્ચા

નવી દિલ્હી,તા. ૨૫

છત્તીસગઢના બસ્તરમાં હવે આર્મી કેમ્પ સ્થાપિત કરવાની જરૂર દેખાઇ રહી છે. સુકમામાં સોમવારના દિવસે સીઆરપીએફના કાફલા પર નક્સલવાદીઓ દ્વારા ભીષણ છુપો હુમલો કરવામાં આવ્યો હતો. હવે નક્સલવાદીઓ પર સકંજો મજબુત કરવા માટે તેમના ગઢ એટલે કે બસ્તરમાં આર્મી કેમ્પ સ્થાપિત કરવાની જરૂરીયાત અનુભવ કરવામાં આવી રહી છે. સેના દ્વારા જ નક્સલવાદીઓનો ઇલાજ કરવામાં આવી શકે છે. સુરક્ષા મામલાના જાણકાર લોકો કહે છે કે આર્મીની તૈનાતી હવે જરૂરી બની ગઇ છે. તેમનુ માનવુ છે કે પોલીસ અને સીઆરપીએફ આ વિસ્તારમાં નક્સલવાદીઓ જોરદાર મુકાબલો કરી રહ્યા છે તેમને નક્સલવાદી વિરોધી ઓપરેશનમાં સફળતા પણ મળી રહી છે પરંતુ પોતાના અસ્તિત્વ માટેની લડાઇ લડી રહેલા નક્સલવાદી હવે મોટા હુમલા કરી રહ્યા છે. આવી સ્થિતીમાં સેનાની તૈનાતી જરૂરી બની ગઇ છે. સેનાની હાજરી તેમને પીછેહટ કરવામાં ઉપયોગી સાબિત થઇ શકે છે. દેશના પૂર્વ ગૃહ સચિવ એલસી ગોયલના કહેવા મુજબ બસ્તરમાં હવે સૈનાની છાવણી સ્થાપિત કરવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે છત્તીસગઢના સુકમા જિલ્લામાં ગઇકાલે બપોરે

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
એકાઉન્ટન્ટ ઓફીસર
ટેલી, કોમ્પ્યુટર-એકાઉન્ટીંગ
કામના જાણકાર
ઈન્ટરવ્યુ તા. ૨૭-૦૪-૨૦૧૭
સમય : ૧૨ થી ૨
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ,
સેક્ટર-૧૧, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

STARTS FROM
1ST MAY 2017
info City Club & Resort
SUMMER CAMP
Following are the rates for summer camp -30 days, starting from 1st may 2017:-
1. Swimming:- Rs 2500/
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm
2. Lawn Tennis:- Rs 1500/-
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm
3. Cricket:- Rs 1500/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
4. Football:- Rs 1200/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm
TENNIS SWIMMING CRICKET FOOTBALL
TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES
For More Info Call : +91 99099 06372 / +91 96380 85711
* Terms & Conditions Apply
Infocity Club & Resort, Indroda Circle, S.G. Highway, Gandhinagar
Call : 079 23213111/ 22/ 33/ 44/ 55, M:+91 99099 06372
www.infocityclub.net